**શિક્ષણનો અધિકાર**

**સમગ્ર શિક્ષા અભિયાન**
**સૌ ભણે, સૌ આગળ વધે**


જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરની કચેરી
સમગ્ર શિક્ષા, જિલ્લા પંચાયત ભવન
વીંગ– C,બીજો માળ, તાલાલા–વેરાવળ રોડ, ઈણાજ
તા.વેરાવળ,જિ.ગીર સોમનાથ
ફોન.નં:– ૦૨૮૭૬–૨૮૫૬૦૦
ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૨૫૮૫
E-mail Id:-dpcgirsomnath@gmail.com


---

**ક્રમાંક : એસએસએ/ગ.એ. /૨૦૨૩/** ૩૨૦૭-૧૨ **તા.૧૪/૧૨/ ૨૦૨૩**

**પ્રતિ,**

બી.આર.સી.કો.ઓર્ડિનેટર
તાલુકાઃ–તમામ
જિલ્લોઃ–ગીરસોમનાથ

વિષયઃ– ઉજાસ ભણી કાર્યક્રમના અમલીકરણ અને આયોજન મોકલવા બાબત.

સંદર્ભઃ– નં. એસ.એસ.એ.ગાંધીનગરના પત્ર નં.એસ.એસ.એ./ગ.એ./એડો.એજ્યુ./૨૦૨૩–૨૪/૪૦–(૨)/ ૫૮૭૧૧–૭૪૭ તા.૧૩/૧૨/૨૦૨૩ ના પત્ર અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે એડોલેશન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ અંતર્ગત પ્રથમ સત્રમાં ગીરસોમનાથ જિલ્લાની ૪૬૪ સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં અને ૩૦ સરકારી માધ્યમિક/ઉચ્ચ મા. શાળાઓમાં ઉજાસ ભણી કાર્યક્રમનું અમલીકરણ થયેલ છે.

બીજા સત્ર માટે એડોલેશન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ અંતર્ગત ભારત સરકારના આયુષ્યમાન ભારત કાર્યક્રમ અન્વયે કાર્યરત **School Health & Wellness Programme** અંતર્ગત ભારત સરકારથી ૧૧ વિષયવસ્તુ નિયત કરેલ છે. જે પૈકી નીચે જણાવેલ વિષય પર દરેક સરકારી શાળામાં ધોરણ–૬ થી ૮ ના બાળકો માટે સેશનનું આયોજન કરવાનું રહેશે.

| ક્રમ | વિષય વસ્તુ | અઠવાડિક આયોજન |
|---|---|---|
| ૧ | એચ.આઈ.વી.ની રોકથામ અને વ્યકિતગત સ્વચ્છતા | ૨૬–ડિસેમ્બર થી ૩૦ –ડિસેમ્બર દરમિયાન |
| ૨ | નશીલા પદાર્થોના દૂરઉપયોગની અને રોકથામ વ્યવસ્થાપન | ૦૮–જાન્યુઆરી થી ૧૨–જાન્યુઆરી દરમિયાન |
| ૩ | આરોગ્યપ્રદ જીવનશૈલીનો પ્રસાર | ૧૭–જાન્યુઆરી થી ૨૫–જાન્યુઆરી દરમિયાન |
| ૪ | હિંસા અને ઈજાઓ સામે સલામતી અને સુરક્ષા અને આંતર વૈયકિતક સંબંધો | ૦૫ ફેબ્રુઆરી થી ૦૯ ફેબ્રુઆરી દરમિયાન |
| ૫ | ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયાના સુરક્ષિત ઉપયોગને પ્રોત્સાહન આપવું | ૧૨ ફેબ્રુઆરી થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન |

**ઉકત ૫(પાંચ) વિષયવસ્તુ પર તાલીમ આપવા નીચે મુજબ તજજ્ઞો સૂચિત કરવામાં આવે છે.**

- શિક્ષણ સાથે સંકળાયેલ જિલ્લા/તાલુકા કક્ષાથી શાળાના શિક્ષકો/આચાર્ય જેઓએ તાલીમ મેળવેલ હોય/સી.આર.સી. કો.ઓ./બી.આર.સી.કો.ઓ./ડાયટ લેકચરર/ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના વિષય નિષ્ણાંત લેકચરર/મહિલા સામખ્ય
- જિલ્લા/તાલુકા/જૂથ કક્ષાના જુદા જુદા વિભાગો સાથે સંકલન કરી–આરોગ્ય વિભાગ/મહિલા અને બાળ વિકાસ/સાયબર ક્રાઈમ વિભાગ/નશાબંધી અને આબકારી વિભાગ/એઈડસ કંટ્રોલ સોસાયટી કાયદા વિભાગ/ બાળ સુરક્ષા વિભાગ SCPCR/ વિભાગના વિષય નિષ્ણાંતો
- જે તે ક્ષેત્રમાં કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ–એન.જી.ઓ.ના વિષય નિષ્ણાંતો
- વિષયનુરૂપ અન્ય સરકારી વિભાગોના વિષય નિષ્ણાંતો

Scanned with OKEN Scanner

## નાણાંકીય જોગવાઈ

પ્રતિ સેશન રૂ.૧,૦૦૦/- લેખે આ પાંચ વિષય માટે પ્રતિ શાળા રૂ.૫,૦૦૦/- લેખે જિલ્લા કક્ષાએથી SMC ને ફાળવવામાં આવશે.પ્રતિ શાળા પ્રતિ સેશન રૂ.૧,૦૦૦/- પૈકી રૂ.૫૦૦/- મહતમ તજજ્ઞ ભથ્થુ અને રૂ.૫૦૦/- મહતમ બાળકોને રીફ્રેશમેન્ટ પેટે ઉપયોગ કરવાનો રહેશે.

એડોલેશન્ટ એજયુકેશન પ્રોગ્રામ-ઉજાસ ભણી કાર્યક્રમ અંતર્ગત તાલુકા ની તમામ શાળાઓનું આયોજન શાળા કક્ષાએ કરી આયોજન જિલ્લા કચેરીને દિન-૫માં મોકલી આપવાનું રહેશે.સી.આર.સી. કો.ઓ./બી.આર.સી.કો.ઓર્ડિનેટર શાળા મોનીટરીંગ દરમિયાન કાર્યક્રમનું ચોકસાઈથી અમલીકરણ કરે તે સુનિશ્ચિત કરવું.

**<u>શાળા કક્ષાએ કરેલ આયોજન અને તાલુકા કક્ષાથી સુપરવિઝન આયોજન</u>**

| તાલુકા | શાળાનું નામ | વિષય થીમ | તારીખ | સમય | તજજ્ઞ નું નામ | વિભાગ/ સંસ્થા | મોનિટરીંગ કરનાર નું નામ | હોદો |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |

તાલીમ પૂર્ણ થયે તે મુજબ નીચે જણાવેલ ફોર્મેટ મુજબ કરેલ સેશનનું રીપોટીંગ મેળવવાનું રહેશે.

| તાલુકા | શાળાનું નામ | વિષય થીમ | તારીખ | સમય | તજજ્ઞ નું નામ | વિભાગ/ સંસ્થા | બાળકો ની સંખ્યા | | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | કન્યા | કુમાર | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

| તાલુકા | સમાવિષ્ટ કુલ તાલુકાની શાળાઓ ની સંખ્યા | વિષય અનુરૂપ સમાવિષ્ટ વિભાગો | તજજ્ઞો ની યાદી | ભાગ લીધેલ કુલ વિધાર્થી ઓની સંખ્યા | | ભાગ લીધેલ કુલ શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | કન્યા | કુમાર | ઉચ્ચ પ્રા.શાળા |
| | | | | | | |
| | | | | | | |

આમ એડોલેશન્ટ એજયુકેશન પ્રોગ્રામ-ઉજાસ ભણી કાર્યક્રમ અંતર્ગત ધો ૬ થી ૮ ના તમામ બાળકો આ વિષયો પરત્વે સઘન તાલીમ મેળવે તે રીતે આયોજન અને સુચારૂ અમલીકરણ કરવા સંબંધિતોને આપની કક્ષાએથી સુચિત થવા જણાવવામાં આવે છે. તાલીમ પૂર્ણ થયે તાલીમનો અહેવાલ,મોનિટરીંગ પત્રકો અને રિપોટીંગ ફોર્મેટ સાથેની માહિતી મોકલી આપવાની રહેશે.

**જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર**
**અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**ગીર સોમનાથ**

**નકલ સવિનય રવાના :-**
માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સમગ્ર શિક્ષા,ગાંધીનગર
**નકલ રવાના જાણ તથા અમલ અર્થે :-**બી.આર.સી./સી.આર.સી.કો.ઓ. મારફત ઉ.પ્રા.શાળા ના આચાર્યશ્રી,

Scanned with OKEN Scanner